મોકલનાર : અપીલ અધિકારી અને
સીની. સ્થાનિક વૈ. અમલદાર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,
ટાવર રોડ, સુરત.
મો.નં.૯૭૨૪૩૦૪૬૬૫
નં.એમ.સી.એચ./આઉટ/
તા : / /૨૦૧૭

અરજદાર : શ્રી રઘુનાથ વિઠલ વાણી
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મ.ધ.હોસ્પિટલ)

**ફરીયાદની હકીકત :–**

**વિષય :** આર. ટી. આઈ. એકટ – ૨૦૦૫ હેઠળ આઈ. ડી. નં. ૨૧૯૮, તા.૨૨/૧૨/૨૦૧૬ ની શ્રી રઘુનાથ વિઠલ વાણીની અરજી સંદર્ભે ઈન્દુબેન યશવંત વાણી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં તા.૧૪/૦૫/૮૪ ના રોજ મુત્યુ થયેલ છે. તો સદર ઈન્દુબેન યશવંત વાણી આપની હોસ્પિટલમાં કઈ તારીખના રોજ દાખલ થયા છે. તે દાખલ તારીખથી મુત્યુ તા.૧૪/૦૫/૮૪ સુધી તેમની સારવાર થઈ છે. તો તેઓની કઈ રોગની સારવાર થઈ છે. તે રોગની માહિતી સાથે કેટલા દિવસ સારવાર થઈ છે. તેની માહિતી આપવા જણાવેલ છે.(નં.એમ.સી.એચ./ઈન/૨૧૯૮ તા.૨૩/૧૨/૧૬)

**સંદર્ભ :** અત્રેના કચેરી પત્ર નં.એમ.સી.એચ./આઉટ/૨૩૪૩ તા.૨૦/૦૧/૧૭.

શ્રી રઘુનાથ વિઠલ વાણીની આર.ટી.આઈ. એકટ હેઠળ આઈ.ડી.નં.૨૧૯૮, તા.૨૨/૧૨/૨૦૧૬ થી માહિતી માંગેલ, અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મ.ધ.હોસ્પિટલ) તરફથી સમયમર્યાદામાં પત્ર ક્રમાંક નં.એમ.સી.એચ./આઉટ/૨૩૪૩ તા.૨૦/૦૧/૧૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. ઉપરોકત આપવામાં આવેલ માહિતી બાબતે નારાજ થઈ તા.૧૧/૦૨/૧૭ ની અરજીની માહિતી મેળવવા બાબતે પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રીને સંબોધીને કરેલ. જે નં.એમ.સી.એચ./ઈન/૨૬૨૮ તા.૧૩/૦૨/૨૦૧૭ ના રોજ મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલમાં મળેલ છે.

અરજદારની અપીલ અરજી સંદર્ભે અપીલ અધિકારી અને સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રી સમક્ષ તા.૦૬/૦૩/૧૭ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે હાજર રહેવા સબંધિત અરજદારશ્રીને નં.એમ.સી.એચ./આઉટ/૨૭૨૧ તા.૨૮/૦૨/૧૭ ના રોજ પત્ર ધ્વારા જાણ કરેલ. તા.૦૬/૦૩/૧૭ ના રોજ રૂબરૂ અપીલ અંગેની સુનાવણીમાં અરજદાર તથા જાહેર માહિતી અધિકારી હાજર રહયા હતા. તેમજ અરજદાર ધ્વારા અપીલ અધિકારી સમક્ષ ફરીથી મુત્યુ થયેલ ઈન્દુબેન યશવંતભાઈ ગોપાલની સારવાર તેમજ રોગ અંગેની માહિતી આપવા જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય હોવાનું જણાવેલ છે. અપીલ અધિકારીએ વધુ તપાસ અર્થે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ નો રેકોર્ડ સ્મીમેર હોસ્પિટલમાં વર્ષ : ૨૦૦૪ માં જમા કરાવેલ હોય, તેની તપાસ સ્મીમેર હોસ્પિટલમાં કરાવવા જણાવેલ છે. જેના અનુસંધાનમાં પર્સોનલ ઓફીસર(સ્મીમેર હોસ્પિટલ)ને નં.એમ.સી.એચ./આઉટ/૨૮૦૧ તા.૦૬/૦૩/૨૦૧૭ ના રોજ મૃત્યુ થયેલ ઈન્દુબેન યશવંત ગોપાલની સારવાર તેમજ રોગ અંગેની માહિતી બાબતે પત્ર લખેલ હતો. જે બાબતે સ્મીમેર હોસ્પિટલનાં સેકશન ઓફિસરશ્રી તરફથી સીની. સ્થાનિક વૈ. અમલદારને લખેલ પત્રમાં (સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૧૭૮ તા.૧૭/૦૩/૨૦૧૭) જે મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે નં.એમ.સી.એચ./ઈન/૨૮૯૮ તા.૧૭/૦૩/૨૦૧૭ થી નોંધાયેલ છે. જેમાં સેકશન

ઓફિસર(સ્મીમેર હોસ્પિટલ) તરફથી જણાવવામાં આવેલ છે કે, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી વર્ષ : ૨૦૦૪ માં જમા કરાવેલ રેકોર્ડ અત્રે સ્મીમેર હોસ્પિટલનાં રેકોર્ડ વિભાગમાં ઉપલબ્ધ નથી. તા.૦૭/૦૮/૨૦૦૬ થી તા.૧૦/૦૮/૨૦૦૬ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલનાં અંડરગ્રાઉન્ડ(રેકર્ડ) માં પૂરનાં પાણી ભરાતાં તે પહેલનો તમામ રેકોર્ડ નાશ પામેલ હોવાનું જણાય છે. જે અંગેનો રીપોર્ટ મા.કમિશ્નરશ્રીને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૫૦૨ તા.૨૨/૦૮/૨૦૦૬ એ કરેલ છે. જે હકીકત હોય, અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી રેકોર્ડ ઉપલબ્ધ નથી.

**<u>હુકમ</u>**

સુનાવણી દરમ્યાન અરજદારે કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ થયેલ વિગતો તથા મુળ અરજી, અપીલ અરજી તેમજ અરજદારને આપવામાં આવેલ લેખિત જવાબ, સ્મીમેર હોસ્પિટલ તરફથી સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૧૭૮ તા.૧૭/૦૩/૨૦૧૭ આપેલ પત્રને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ યોગ્ય જણાય છે તથા સ્મીમેર હોસ્પિટલ તરફથી આવેલ પત્રને ધ્યાને લેતાં રેકોર્ડ નાશ કરેલ હોય, અરજદારને માહિતી આપી શકાય તેમ નથી. વધુમાં અરજદાર સ્મીમેર હોસ્પિટલનાં રેકોર્ડ નાશ કરેલ બાબતનાં પત્રની માહિતી મેળવવા ઈચ્છતા હોય, તો પાના નંગ : ૦૨ નાં રૂા.૪/– (અંકે રૂપિયા ચાર)ભરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છો. જેથી અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

અરજદાર ઉપરના હુકમથી નારાજ હોય તો, હુકમ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર સચિવશ્રી ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગીભવન, બ્લોક નં. ૦૧, બીજો માળ , નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને બીજી અપીલ કરી શકશે.

(ડૉ. સૌરભ જોધાણી)
અપીલ અધિકારી અને
સીની. સ્થાનિક વૈ. અમલદાર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ

ન.ર. : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ.....જાણ તથા અમલ માટે.
ન.ર. : અરજદાર શ્રી રઘુનાથ વિઠલ વાણી,પ્રતિ.....જાણ માટે.
નર. : આસી.નોડલ ઓફિસર(આર.ટી.આઈ.સેલ.) પ્રતિ ......જાણ માટે.